# સેકટરોમાં વરસાદી દિવસોના અંતે રહીશો દુવિધાઓથી ત્રસ્ત સફાઇ પણ થતી નથી

## એપ્રોચ માર્ગના વાઇડનીંગની કામગીરી પણ પુર્ણ થઇ નથી : કોમન પ્લોટ અને માર્ગો આસપાસ ઘાસ અને વનસ્પિતના લીધે જીવાત અને મચ્છરોનો ઉપદ્રવ

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના સેકટરોમાં વરસાદી દિવસોના અંતે ઠેર ઠેર ગંદકી અને દુવિધાઓ મંડરાયેલી જોવા મળે છે. સેકટરોમાં કાદવ કિચ્ચડ વચ્ચે ખુલ્લી જગ્યામાં ઘાસ અને વનસ્પતિ ઉગી નિકળ્યા છે. માર્ગ વાઈડનીંગની કામગીરીના લીધે આંતરિક માર્ગો પર કાંકરી અને કપચી પથરાયેલી જોવા મળે છે. જેના લીધે સેકટરવાસીઓની માર્ગ સલામતી પણ જોખમાઈ છે. નવરાત્રિના તહેવાર ટાંણે સેકટરોના કોમન પ્લોટમા પણ સફાઈ કરવામાં આવી નથી જેના લીધે ગંદકીથી ખદબદતા સેકટરોમાં મચ્છર અને જીવાતનો ઉપદ્રવ પણ વધ્યો છે.

સેકટરોમાં સતત વરસાદના હળવા ભારે ઝાપટા બાદ કોમન પ્લોટ તેમજ આંતરિક માર્ગો આસપાસ નજર નાંખો ત્યાં ઘાસ અને વન્સ્પિત ઉગી નિકળી છે. નવરાત્રિ મહોત્સવના આયોજનના લીધે કેટલાક ઠેકાણે કોમન ચોકની સફાઈ થઈ છે. પરંતુ મોટાભાગના વિસ્તારમાં સફાઈના અભાવે ગંદકી ખદબદતી જોવા મળે છે. સેકટરોમાં સફાઈ કામગીરી ખાડે ગઈ છે. ત્યારે તહેવારોની મોસમ ટાંણે પણ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી નથી વરસાદી દિવસોના અંતે સેકટરોમાં મચ્છર અને જીવાતનો ઉપદ્રવ વધ્યો છે. સ્થાનિકો સામે રોગચાળાનો ખતરો પણ મંડરાયેલો છે. બીજીતરફ સેકટરોમાં એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેના લીધે સેકટરોના એપ્રોચ માર્ગની આસપાસ ખોદાણ બાદ કપચી પાથરી દેવામાં આવી છે. પરંતુ માર્ગોની આસપાસ પથરાયેલી ડામરીની કાંકરીઓ એપ્રોચ માર્ગ પર પથરાતા વાહનચાલકોની સલામતી પણ જોખમાઈ છે. સેકટરોના એપ્રોચ માર્ગની કામગીરીને અનુલક્ષી ઝડપથી માર્ગનુ પેવરકામ પુર્ણ કરી દેવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે. સેકટરોમાં લાબા સમયથી સફાઈ થઈ નથી વરસાદી દિવસો પુર્ણ થયા છે. ત્યારે સેકટરોમાં શેરી સફાઈ તેમજ કોમન પ્લોટમાંથી બિનજરૂરી વન્સપિત દુર કરવા માટે સફાઈ હાથ ધરવામાં આવે તેવી પણ સ્થાનિકો માગણી કરી રહ્યા છે. સેકટરોમાં નજર નાંખો ત્યાં દુવિધાઓના ઢગ મંડરાયેલા છે સ્થાનિક રહીશો પરેશાન છે. રખડતા ઢોરના લીધે ગંદકી અને માર્ગ સલામતીનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે.

# સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના કટાયેલા થાંભલાને રંગરોગાન કરવા માટે સ્થાનિકોની રજુઆત

## સે-૩ સી માં પણ ઘણાં થાંભલા ખુલ્લા અને જોખમી હાલતમાં છે : સેકટરવાસીઓએ અગાઉ પણ તંત્રને રજુઆત કરી હતી

ગાંધીનગર તા ૮

ગાંધીનગરના સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના ૧૮ હજાર જેટલા થાંભલા છે જયારે આ થાંભલા પૈકી મોટાભાગનાને લાંબા સમયથી કલર કરાયો નથી જેના લીધ કટાયેલા થાંભલાના ઢાંકણો પણ ખુલ્લી હાલતમાં જોવા મળે છે. સ્થાનિકો દ્વારા અવારનવાર સ્ટ્રીટ લાઈટના આ પોલ્સને સ્માર્ટ લુક આપવા માટે રજુઆત કરવામાં આવે છે પરંતુ કામગીરી હાથ ધરાતી નથી બીજીતરફ હવે લાઈટીંગ પોલ્સ પર પેમ્ફલેટ ચિપકાવી દેવાતા જાહેરાતનુ માધ્યમ બની ગયા છે.

શહેરમાં સ્ટ્રીટ લાઈટના થાંભલાને વાઈબ્રન્ટ સમિટ વેળાએ રંગોરોગાન કરવામાં આવે છે. જો કે આ કામગીરી પણ વી આઈ પી મહાનુભાવોની અવરજવરને અનુલક્ષી મુખ્યમાર્ગો પુરતી જ સિમિત રહેતા સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા કટાયેલી અને કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. જેના લીધે સેકટરવાસીઓમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. સેકટરોના રીંગ રોડ પર કટાયેલા આ થાંભલાના ઢાંકણો પણ લાંબા સમયથી ખુલ્લા છે. જેના લીધે આ જોખમી થાંભલા સ્થાનિકો માટે ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત છે. વારંવાર ડુલ થતી સ્ટ્રીટ લાઈટોની સાથે કટાયેલા થાંભલા જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા પર જયાં નજર નાંખો ત્યાં પેમ્ફલેટ અને સ્ટીકર્સ ચિપકાયેલા જોવા મળે છે. સ્ટ્રીટ લાઈટના થાંભલા નવા નાંખવા માટે પણ સેકટરોમાં તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જો કે જોખમી હોય તેવા થાંભલા બદલવામાં આવી રહ્યા હોવાનુ પણ મનાઈ રહ્યુ છે.

જયારે કેટલાક વિસ્તારમાં લાઈટના થાંભલાને કલરકામ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સે-૩ માં લાંબા સમયથી થાંભલાને રંગરોગાન ન થતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. આ મામલે તંત્રએ સર્વે હાથ ધરી સ્ટ્રીટ લાઈટના થાંભલાને રંગરોગાન કરવા માટે ત્વરિત કામગીરી હાથ ધરવા માટે પણ સ્થાનિકોએ માંગણી કરી છે.





રાજયમંત્રી જગદીશ પંચાલના નેતૃત્વમાં આજે દહેગામમાંથી પ્રવેશેલી જન આશીર્વાદ યાત્રા ચિલોડા ખાતે આવી પહોંચી હતી જયાં ગ્રામજનોએ હોંશભેર આવકારો આપ્યો હતો. આ જન આશીર્વાદ યાત્રામાં ધારાસભ્ય બલરાજસિંહ ચૈહાણ, શંભુજી ઠાકોર, સહકારી આગેવાનો અશોકભાઈ પટેલ(વકીલ), કોદરભાઈ પટેલ, પંચાયતના સદસ્યો લલિતભાઈ યાદવ, સંગઠ્ઠનના આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ચિલોડાથી આ યાત્રા પાલજ થઈ મોડી સાંજે ગાંધીનગરમાં પ્રવેશી હતી.

### ખામીઓ છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલી હિંસા બાદ પ્રિયંકા અને રાહુલ ગાંધીએ માર્યા ગયેલા પરિવારોની મુલાકાત લીધા બાદ કોંગ્રેસ ફરી ચર્ચામાં આવી છે પણ પ્રશાંત કિશોરના નિવેદન પરથી એવુ લાગે છે કે, તે કોંગ્રેસને હજી પણ ભાજપનો મુકાબલો કરવા લાયક માનતા નથી.

### કોર્ટનો ઈન્કાર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પડશે. એનસીબીના વકીલે કોર્ટમાં એવી દલિલ કરી હતી કે આ મામલમાં અનેક પ્રભાવશાળી લોકો સંકળાયેલા હોઈ એવી સ્થિતિમાં આર્યનના જેલની બહાર રહેવાથી તે કેસની તપાસને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી શકે છે. શાહરૂખ ખાના પુત્ર આર્યન ખાને વકીલના માધ્યમથી કોર્ટને જણાવ્યું કે તે તપાસમાં સહકાર આપશે અને દેશ છોડીને નહીં જાય.

### હાજર ન થયો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થાય ત્યાં સુધી તેમને ન્યાય નહીં મળે. અહીં કેટલીક ચેનલો દાવો કરે છે કે આશિષ મિશ્રા ધરપકડ ટાળવા માટે નેપાળ ભાગી ગયો છે. આશિષ મિશ્રાની સંપૂર્ણ કુંડળી વાંચકોએ જાણવા જેવી છે. આશિષ મિશ્રા કેન્દ્રીય મંત્રીના નાના પુત્ર છે. વર્ષ ૨૦૧૨માં તેમના પિતાને વિધાનસભાની ટિકિટ મળ્યા બાદ તે રાજકારણમાં સક્રિય થયો. આ સાથે તે પિતાના પેટ્રોલ પંપ અને ચોખા મિલ વગેરેનો વ્યવસાય પણ જોતો હતો. આશિષ મિશ્રા કેવી રીતે તેમના પિતાની છત્રછાયા હેઠળ ભાજપના મોટા નેતાઓની નજીક આવ્યા, તે તેના ફેસબુક એકાઉન્ટ

તપાસ કરતા જાણી શકાય છે. જો તમે તેની ફેસબુક પોસ્ટ પર નજર નાખો તો ૨૦૧૮ પહેલા આશિષ સામાન્ય રીતે તેના પિતાનું કામ શેર કરતો હતો. ધીરે ધીરે તે માત્ર ભાજપના નેતાઓની નજીક જ નહીં, પણ આ વિધાનસભા ચૂંટણીમાં ટિકિટના મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યો.

જિલ્લા પંચાયત સભ્ય તરીકે રાજકીય સફર શરૂ કરનાર અજય મિશ્રા ટેનીને ૨૦૧૨માં લખીમપુર ખીરીની નિગાસન બેઠક પરથી ભાજપ દ્વારા ટિકિટ આપવામાં આવી હતી. તે સમયે તેમના ચૂંટણી પ્રચારની જવાબદારી તેમના પુત્ર આશિષ મિશ્રાએ સંભાળી હતી.

બંનેની સખત મહેનત અને અજય મિશ્રાની લોકપ્રિયતાને કારણે ભાજપ અહીં જીત્યો હતો પરંતુ સરકાર સપાની બની હતી. પિતા ધારાસભ્ય બન્યા બાદ આશિષ મિશ્રાનો આ વિસ્તારમાં દરજ્જો વધ્યો.

ધારાસભ્ય તરીકે અજય મિશ્રાની કામગીરીને જોતા, કેન્દ્રીય નેતૃત્વએ તેમનામાં વિશ્વાસ મૂક્યો અને ૨૦૧૪માં તેમને લખીમપુરથી સાંસદની ટિકિટ આપવામાં આવી. આ વખતે પણ પુત્ર આશિષે ચૂંટણી પ્રચારનો હવાલો સંભાળ્યો અને પિતાને લોકસભા સુધી પહોંચવામાં મદદ કરી.

બે ચૂંટણીમાં તેના પિતાને ટેકો આપીને આશિષે રાજકારણની શક્તિ પણ શીખી લીધી હતી. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં અજય મિશ્રાએ તેમના પુત્ર માટે ટિકિટ માંગી, પરંતુ કંઈક કારણોસર વાત ન બની. જોકે, આશિષ નિગાસનમાં સતત સક્રિય રહ્યો.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અજય મિશ્રા ટેનીને ફરી એક વખત લોકસભાની ચૂંટણી માટે ટિકિટ મળી અને તેઓ જીત્યા. આ વર્ષે જુલાઈમાં તેમને મોદી કેબિનેટ વિસ્તરણમાં પણ સ્થાન આપવામાં આવ્યું હતું અને અજય મિશ્રાને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. આ પછી, ૨૦૨૨ની ચૂંટણીમાં નિગાસનથી આશિષને ટિકિટ આપવાની શક્યતા વધી ગઈ.

જો તમે આશિષ મિશ્રાની ફેસબુક પ્રોફાઈલ પર નજર નાખો તો તેઓ તેમના ક્ષેત્રમાં સતત સક્રિય રહ્યા છે. તેઓ નિગાસનમાં દરેક નાના -મોટા કાર્યક્રમોમાં સામેલ રહ્યા છે. તાજેતરમાં સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરોને સ્માર્ટ ફોનનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

### ઈ-ચાકડા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાગરૂપે આજે પાલનપુર રેલવે સ્ટેશન ખાતેથી ૫,૦૦૦ માટીની કુલડીઓના ઓર્ડર ગૃહમંત્રી શ્રી શાહના હસ્તે ટી-સ્ટોલની મહિલાઓને અર્પણ કર્યા હતા. મહિલા સ્વસહાય જૂથ સંચાલિત ટી-સ્ટોલ પરથી માટીના કપમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત મહાનુભાવોએ ચા-કોફીનો સ્વાદ પણ માણ્યો હતો. તે ઉપરાંત ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે મહિલા સ્વસહાય જૂથની બહેનો સાથે રેલવે સ્ટેશન ઉપર વાર્તાલાપ કર્યો હતો. સ્વસહાય જૂથોની મહિલાઓ દ્વારા ઈલેક્ટ્રોનિક ચાકડા દ્વારા તૈયાર કરવામાં આવેલી માટીની કુલડીઓ તથા માટીના વાસણોની પ્રદર્શની ગૃહ મંત્રી શ્રી શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે નિહાળી હતી. ઉલ્લેખનીય છે કે આ ટી સ્ટોલ ઉપર માટીની કુલડીમાં ચા અપાશે. મહિલાઓના આર્થિક ઉત્થાન માટે કેપિટલ રેલવે સ્ટેશન ખાતે નાગેશ્વર સખી બચત મંડળ દ્વારા સંચાલિત ટી-સ્ટોલમાં ચા, તંદૂરી ચા, ગ્રીન ટી, કોફી, દૂધ અને ઉકાળા સહિત વિવિધ વેરાયટીની ચા - કોફીની ઉપલબ્ધતા યાત્રીઓ માટે થશે. આ લોકાર્પણ પ્રસંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, પૂર્વ મંત્રી શ્રી રમણલાલ વોરા, શ્રી રજનીભાઈ પટેલ, કોર્પોરેટરશ્રીઓ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવ શ્રી કે.કૈલાશનાથન, જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્ય, રેલવે પોલીસ ફોર્સના ઉચ્ચ અધિકારીઓ-પદાધિકારીશ્રીઓ ઉપરાંત સ્વસહાય જૂથોની મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સંસ્થાઓને નોટીસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારબાદ આગામી દિવસોમાં સર્કલોની સ્થિતિનુ નિરિક્ષણ કરવા તંત્ર દ્વારા સર્વે હાથ ધરાશે ત્યારબાદ જવાબદાર સંસ્થાઓ પણ સર્કલોને નિખારવાનુ કામ હાથ ધરાશે. ક - ૫ અને ખ-૫ ઉપરાંત સંગીત સર્કલ અને મેરીટાઈમ બોર્ડના છ-૩ ના સર્કલનુ પણ થોડા સમય અગાઉ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. શહેરમાં વાઈબ્રન્ટ સમિટના આયોજન વેળાએ સર્કલોની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે છે. જયારે ગત વર્ષે પણ વાઈબ્રન્ટની ઉજવણી થઈ શકી નથી જેના લીધે નગરમાં બ્યુટીફિકેશનની કામગીરી પણ પડતી મુકવામાં આવી હતી. શહેરના સર્કલો અસ્તિત્વમાં આવ્યા બાદ મુખ્યમાર્ગોની રોનક નિખારવા સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવવા માટે સંસ્થાઓને જવાબદારી સોંપવામાં આવી હતી. જયારે શરૂઆતના એક દાયકા સુધી સર્કલોની જાળવણીનુ કામ યોગ્ય રીત થતુ હતુ પરંતુ સમય જતા જવાબદાર સંસ્થાઓ કક્ષાએથી પણ સર્કલોની જાળવણીમાં નિરસતા દાખવવામાં આવતા નગરના સર્કલો આકર્ષણ વિહોણા બની રહ્યા છે. ત્યારે નોટીસના અંતે સર્કલોની સુંદરતા નિખરે તે માટે કામગીરી હાથ ધરાશે.

# ૨૦૨૪માં પણ નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન હશે : અમિત શાહ

## કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઇ શાહના હસ્તે પાનસર ગામના તળાવના નવીનીકરણ કામનું ખાતમુહૂર્ત અને પી.એચ.સી. સેન્ટરનું લોકાર્પણ કરાયું

ગાંધીનગર, તા. ૮

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકાઅભિમુખ શાસનનું ઉત્તમ ઉદાહરણ આપ્યું છે. તેવું આજ





રોજ કલોલ તાલુકાના પાનસર ગામ ખાતે યોજાયેલા સમારંભમાં ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું.

દેશના વડાપ્રધાનશ્રી લોકસેવાની ભેખ લઈ નીકળ્યા છે, તેવું કહી ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, દેશમાં ૬૦ કરોડ લોકોના બેક એકાઉન્ટ ખોલાવ્યા છે. તેમજ ૧૩ કરોડ લોકોને ગેસ કનેક્શન, ૧૦ કરોડ ઘરમાં શોચાલય, અનેક ગામોને વીજ કનેક્શન અને ૬૦ કરોડ વ્યક્તિઓને આરોગ્યલક્ષી ૫ લાખ રૂપિયા નું આરોગ્ય કવચ આપવામાં આવ્યું છે.

૨૦૨૪માં પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન હશે, તેવો આત્મ વિશ્વાસ વ્યક્ત કરી ગૃહ મંત્રી શ્રી અમિત શાહે તેમને રાજકીય ક્ષેત્રે ૨૦ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ગૃહ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોઈપણ કાર્ય પૂર્ણ કરવાનો હરખ તેમના ચહેરા પર તેઓ દેખાવા દેતા નથી. પરંતુ બીજા કામને સાકાર કરવાનું મનોમંથન કરવાનું તેઓ શરૂ કરે છે.

નવરાત્રિના પાવન પર્વની સૌ ગુજરાતીઓને શુભકામનાઓ પાઠવી ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, પાનસર ગામના તળાવનું રૂપિયા ૩ થી ૪ કરોડથી વધુના ખર્ચે નવીનીકરણ થનાર છે. તે તળાવ આગામી દિવસોમાં ગામનું લોક એક્ટિવીટીનું કેન્દ્ર બનશે, તેવું કહી તળાવનું નવીનીકરણ થયા બાદ ત્યાં શું શું બનશે, તેની માહિતી આપી હતી.

## વી.પી.એમ.પી. પોલીટેકનીક ખાતે સ્થપાયુ DAIKIN સેન્ટર ઓફ એકસેલન્સ

ગાંધીનગર, તા.૮

વી.પી.એમ.પી. પોલીટેકનીક અને DAIKIN એર કન્ડીશનીંગ ઈન્ડિયા દ્વારા તાજેતરમાં DAIKIN સેન્ટર ઓફ એકસેલન્સની સ્થાપના માટેનો ઓમ.ઓ.યુ. સાઈન કરવામાં આવ્યો છે. જેનું ઉદઘાટન કંવલજીત જાવા (એમ.ડી. અને ચેરમેન) એ કર્યું હતું. આ પ્રસંગે DAIKINL ના સંજય ગોપલ (સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ), એ.પી.એસ. ગાંધી (જનરલ મેનેજર), ઉલ્લાસ શર્મા (રીજીઓનલ બીઝનેસ હેડ-વેસ્ટ) અને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઈ એમ. પટેલ તથા સંસ્થાના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તને ખબર નથી પડતી, હું બોલાવું છું તો આવવાની કહીને...

# સેકટર-૫માં ગેરેજના કારીગરને માથામાં લોખંડની પાઈપ મારી

શહેરના સેકટર-૫ એ યોગી કોમ્પ્લેક્ષ ખાતે ગઈકાલે રાત્રીના સમયે ગેરેજના કારીગરને ગાળો બોલી તકરાર કરી ગડદાપાટુનો માર માર્યો હતો. જયારે એક યુવકે કારીગરને માથાના ભાગે લોખંડની પાઈપ મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા કારીગરે હુમલો કરનાર શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાનના ઝાલોર જિલ્લાના સીકવાડા ગામના અને હાલ ગાંધીનગર સેકટર-૪ સી પ્લોટ નં. ૫૬૬-૧ ખાતે રહેતા અક્ષય બાબુભાઈ મારવાડી છેલ્લા ત્રણ વર્ષથી સેકટર-૫ યોગી કોમ્પ્લેક્ષ ખાતે આવેલ અજય ઓટો ગેરેજમાં કારીગર તરીકે કામ કરે છે. ગઈરાત્રીના ૯ વાગ્યાના અરસામાં અક્ષય ગેરેજનુ કામ પૂર્ણ કરી ઘરે ગયો હતો. ગેરેજમાં સાથે કામ કરતા કારીગર સાહિલ ભરતભાઈ ઠાકોર સાથે નવરાત્રી જોવા જવાનું હતું. જેથી રાત્રીના સવા દશ વાગ્યાના અરસામાં યોગી કોમ્પ્લેક્ષ ખાતે સાહિલને લેવા માટે ગયો હતો તે સમયે કોમ્પ્લેક્ષની બાજુમાં ખુલ્લી જગ્યામાં પાર્થ રબારી, ચકો, રાજા અને અન્ય શખ્સ બાઈક પર બેઠા હતા. તે સમયે પાર્થ રબારીએ અક્ષયને તેની પાસે બોલાવ્યો હતો, પરંતુ નવરાત્રી જોવા માટે જવાનું હોવાથી તે પાર્થ રબારી પાસે ગયો નહી. જેથી પાર્થ રબારી ઉશ્કેરાઈ જઈને કહેવા લાગ્યો કે તને ખબર નથી પડતી, હું બોલાવું છુ તો આવવાની તેવુ કહી પાર્થે ગાળો બોલીને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. તે સમયે તેના સાથી મિત્રો પણ તેનું ઉપરાણુ લઈ ચકો તેમજ રાજા પણ ગડદા પાટુ મારવા લાગ્યા હતા. તે સમયે પાર્થ રબારીના હાથમાં રહેલી લોખંડની પાઈપ અક્ષયને માથાના ભાગે મારતા લોહી નીકળતા સાહિલ વચમાં પડી વધુ મારમાંથી છોડાવ્યો હતો.જયારે અક્ષયને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. જયારે ચારેય હુમલાખોરો જતાજતા જાનથી મારી નાંખવાની ધમકી આપતા અક્ષયે સેકટર-૭ પોલીસ મથકે ચારેય હુમલાખોરો સામે ફરીયાદ નોંધાવી છે.

# ગાંધીનગર સહિત આઠ મહાનગરોમાં રાત્રી કર્ફ્યૂ લંબાવવામાં આવ્યો

ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં ફરી એકવાર કર્ફ્યૂ લંબાવાયો છે. શુક્રવારે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પ્રધાનો અને અધિકારીઓ વચ્ચે થયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં કોરોનાનો પ્રસાર અટકાવવા માટે નિષેધાત્મક આદેશ લાગુ કરવામાં આવ્યો હતો. જેના અનુસંધાને શહેરોમાં રાત્રી કર્ફ્યૂ લગાવાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, કોરોનાનો પ્રસાર અટકાવવા અગાઉ સાંજે ૬ વાગ્યાથી શરૂ થઈ સવારે ૬ વાગ્યા સુધી હતો. ત્યાર બાદ કલાકો ઘટાડતા ઘટાડતા હાલમાં રાત્રે ૧૨ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ હતો. જે હજી પણ યથાવત્ત રહેશે. આજે સરકાર દ્વારા કર્ફ્યૂના આદેશને લંબાવવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય નવેમ્બર મહિનાની ૧૦ મી તારીખ સુધી અમલી રહેશે. નવેમ્બર મહિનાના ૧૦મી તારીખ સુધી કર્ફ્યુ રાત્રીના ૧૨થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ અમલી રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા રાત્રે ૧૧ વાગ્યે અમલી બનતા કર્ફ્યૂને નવરાત્રીને ધ્યાને રાખીને રાત્રે ૧૨ વાગ્યા કરી દેવાયો હતો. આ નિર્ણય અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર, રાજકોટ શહેર, ભાવનગર શહેર, જામનગર શહેર, જૂનાગઢ શહેર અને ગાંધીનગર શહેરમાં લાગુ પડશે.